# હું શિક્ષક છું, કારણ કે મને માણસ ગમે છે..

## નવમા દસકમાં પણ ભારોભાર શિક્ષકત્વ એટલે દાઉદભાઈ ઘાંચી

ભદ્રાયુ વછરાજાની email: bhadrayu2@gmail.com

'આજે શિક્ષક થવા ઇચ્છનારને હું પૂછું કે: *તમને માણસ ગમે છે? અણગમો થાય તેવો માણસ ગમે છે? અળવીતરો માણસ ગમે છે? પ્રયાસ કરતો માણસ ગમે છે? નિષ્ફળ જતો માણસ ગમે છે? હારી થાકી જતો માણસ પણ ગમે છે?.. આ બધા જ પ્રશ્નોનો સદાય માટેનો જવાબ હા હોય તેને શિક્ષક થવાની છૂટ છે, પછી તે ટ્રેઇન્ડ હોય કે ન હોય!.' ચૌદ વર્ષની ઉંમરે પિતાજીને ગુમાવનાર અને ઘાણીમાં બળદની મદદથી તેલ કાઢવા માટે પીલવાનું કામ કરનાર માતાની પરવરિશમાં મોટા થયેલ દાઉદભાઈ અહેમદભાઈ ઘાંચીનાં હૈયામાં તો શિક્ષકની આવી પારાશીશી છે!!

કે.જી. થી લઈને પી.જી. સુધી ભારતમાં, અમેરિકામાં અને ઇંગ્લેન્ડમાં શિક્ષણનો મહાસાગર ખેડનાર શ્રી દાઉદભાઈ ઘાંચી. ગુજરાતની છેલ્લી ત્રણેક પેઢી તો ઘાંચીસાહેબનું અંગ્રેજી ગ્રામર ભણીને મોટી થઈ છે, હા તે જ ઘાંચીસાહેબ કે દાઉદભાઈસાહેબ વાત માંડે ત્યારે શેર-શાયરી, શ્લોકો, અંગ્રેજી અવતરણો, ઉર્દૂ ગઝલો અસ્ખલિત ટાંકે. ઇકબાલ, કબીર, મરિઝ, કાલિદાસ, ઉમાશંકર કોણ ન આવે એમની સ્મૃતિમાં? આજે સત્યાશી વર્ષે પણ બે કલાક ઉત્સાહથી છલકતાં ગોષ્ઠિ કરનાર દાઉદભાઈ ઘાંચી ગાયકવાડી ગામ કલોલના વતની. ગામમાં સરકારી શાળા ખરી પણ ઉર્દૂ શાળા નહીં. રાજનો આદેશ કે 'શિક્ષણ તો માતૃભાષામાં ફરજિયાત. પિતા અહમદભાઈ અને કાકા અલીભાઈ બન્ને વેપારી, ઘાંચી એટલે તેલની ઘાણી, દૂધ વેંચનાર પણ ખરા. બન્ને ભાઈઓએ પોતાનાં ઘરમાં પહેલા માળે ઉર્દૂ શાળા શરૂ કરી. આવાં વાતાવરણમાં દાઉદભાઈ ઉછર્યા એટલે શિક્ષણ તો ધામે ધામે રગેરગમાં ઉતરતું ગયું. દાઉદભાઈ તેથા તો કહે છે: 'અમે શાળામાં ન ગયા. શાળા અમારા ઘરે આવી. શાળા અમારી મહેમાન બની. શિક્ષકત્વની દીક્ષાનું પ્રથમ સોપાન એટલે મારી શાળા. બે વર્ષ પછી ગામની મસ્જિદના મકાનમાં શાળા ફેરવીને બન્ને ભાઈઓએ રાજનામાં આપ્યાં. એ શાળામાં ચાર વર્ષ ભણ્યો. નો યુનિફોર્મ, નો શુઝ, નો ટાઈ. અસ્લિ થેલકો તેમાં બે ચોપડી ને પાટી પેન. શારીરિક શિક્ષા નહીં પણ સજા ખરી. શિક્ષકો પ્રેમાળ, નિકરવતાં, પેશનેટ. શિક્ષકની મહોબ્બત એ મોટી પદ્ધતિ. શિક્ષકના વ્યવહારમાં-વર્તનમાં-વાણીમાં હૃદય પહેલાં, બુદ્ધિ પછી. આજનો શિક્ષક રૉલ મૉડેલ વિષે વાત કરી શકે પણ હી કાન્ટ રોલ ધ રૉલ.! અમારા શિક્ષકો તો ગાતા જાય અભિનય કરતા જાય.. અમારા

ડૉ. ભદ્રાયુ વછરાજાની
પ્રોફેસર - ડાયરેક્ટર, એકેડેમિક સ્ટાફ કૉલેજ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦ ૦૦૫.
ફોન: (૦૨૮૧) ૨૫૭૬૩૮૭
મંદિર, નર્મદાપાર્ક-૪, અમીનમાર્ગ પાસે,
રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન: (૦૨૮૧) ૨૫૮૮૭૭૧

શ્વાસે શ્વાસમાં કાવ્ય ઊતરતું જાય.
'હસતે મુખે રસ્તામાં વેર્યાં, ફુલ નસીબે ગુલાબ કેરાં
નીચાં વળી વીણીશું ક્યારે! આજ આજ ભાઈ અત્યારે..' અમેય સાથોસાથ
લલકારતા જઈએ, નાચતા જઈએ. બસ આ થયું શિક્ષણ!'

દાઉદભાઈનો ઘાંચી સમાજ એટલે તેની માતૃભાષા ગુજરાતી, ઉર્દૂ નહીં. પરંતુ આ વાતનું સોગંદનામું રાજમાં રજૂ કર્યું ત્યારે તેને ગુજરાતી માધ્યમની શાળામાં ભણવાની પરવાનગી મળી. પાટી પેનનું ભણતર એટલું જ અનૌપચારિક હતું. રસ્તે ચાલતાં વચ્ચે આવતા ઓટલાની ખરબચડી સપાટી પર પાટીની પેન ઘસી ઘસીને અણી કાઢવાની ને પછી તેનાથી સરસ અક્ષર કાઢવાના! 'ક્યા દિન થે વો અમન કે, મસ્તી કે! શાળાના ઓરડામાં રીસેસમાં પકડદાવ રમતા શુક્લસાહેબે ઝડપ્યો. લઈ ગયા પોતાની ઑફિસમાં અને પોતાની ખુરશી પાસે અંગૂઠા પકડાવી વાંકો ઊભો રાખ્યો. શુક્લસાહેબ પાછા એજ્યુ. [redacted] ખાતાંના કોઈ અધિકારી ઘરે આવ્યા તે મને વાંકો મુકીને ગયા ત્યાં. દોઢ કલાકે આવ્યા ત્યારે હું તો અંગૂઠા પકડીને ઊભો હતો! તેમના મોઢામાંથી હાયકારો નીકળી ગયો. પણ હું તો શિસ્તબદ્ધ. શુક્લસાહેબને પસ્તાવો થયો એટલું જ નહીં એમણે દિલગીરી વ્યક્ત કરીને ત્યારથી સજા ન કરવાની પ્રતિજ્ઞા લીધી!' વિદ્યાર્થી દાઉદભાઈએ શુક્લસાહેબની સજા ન કરવાની ટેવ છોડાવી તો એક પી.સી.પટેલ નામના વિદ્યાર્થીએ શિક્ષક સજા કરવાની ટેવ છોડાવી તો એક પી.સી.પટેલ નામના વિદ્યાર્થીએ શિક્ષક દાઉદભાઈને પણ વધુ પડતું હોમવર્ક આપવાની આદત છોડાવેલી. વિદ્યાર્થીને સંસ્કૃતનું કોઈ રૂપ ન ફાવ્યું. દાઉદભાઈસાહેબે પચાસ વાર લખી લાવવા કહ્યું. બીજે દિવસે એ કામ ન થયું એટલે ઘરકામ બમણું કરી સો વાર લખવા હુકમ કર્યો. ફરી પેલો પી.સી.પટેલ તો અધુરું કાર્ય લઈ સામે આવ્યો. એટલે દાઉદભાઈએ કહ્યું: હવે પાંચસો વાર લખી લાવવાનું. તરત પેલો બોલ્યો: સાહેબ, હવે મને એ રૂપ બરાબર આવડી ગયું છે. આપ મારી કસોટી લો. આવડી ગયું હોય તો માફ કરો નહીં તો પાંચસો વાર જરૂર લખી લાવીશ.. દાઉદભાઈ ઘાંચી સ્વાનુભવે મંત્ર આપે છે: આપણો વિદ્યાર્થી પણ આપણો ગુરુ હોઈ શકે!.

શ્રી દાઉદભાઈ ઘાંચી પોતાના સમાજમાં પહેલા મેટ્રિક અને પહેલા ગ્રેજ્યુએટ પણ. આપણે ભલે ઘાંચીસાહેબને અંગ્રેજીને લઈને વખાણીએ, પણ તેઓ બી.એ. વીથ ઈકોનોમિક્સ. ગુજરાત કૉલેજમાં ભટ્ટસાહેબ પાસે શાકુન્તલ શીખ્યા. સંસ્કૃત અંગ્રેજીમાં ભણ્યા. પ્રોફેસર ટી.એન. દવે દોઢસોના ક્લાસમાં સંસ્કૃત ભણાવતા જાય અને શકુંતલાની વિદાય ઉપર રડતા જાય. અર્થશાસ્ત્ર મુખ્ય, ઈતિહાસ ગૌણ, ઈન્ટર સુધી સંસ્કૃત. પણ માસ્ટર્સ કર્યું અંગ્રેજીમાં અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં 'ટીચર કેન્ડીડેટ' તરીકે. ત્યારે છૂટ હતી. તમે શિક્ષક હો તો ગ્રેજ્યુએટ ન હો એવા વિષયમાં માસ્ટર્સ કરી શકો, ટીચર કેન્ડીડેટ તરીકે.

૧૯૪૯માં મેટ્રિક થયેલા દાઉદભાઈ ૧૯૫૦માં તો શિક્ષક થઈ ગયા. પછીથી
ત્રણેક વર્ષ બાદ એ.જી.ટીચર્સ કૉલેજમાંથી બી.એડ્. થયા. પ્રખર કેળવણીકાર
પ્રિ. આર. એસ. ત્રિવેદી સાહેબે કહ્યું કે તમે બી.એ. વીથ ઇંગ્લિશ નથી એટલે
બી.એડ્.માં મેથડ તરીકે અંગ્રેજી ન રાખી શકો. પણ પછી એક તક આપવામાં
આવી. દિવાન બલ્લુભાઈ શાળામાં દાઉદભાઈ અંગ્રેજીનો પાઠ આપે અને પ્રિ.
એલ. આર. દેસાઈ તેનું નિરીક્ષણ કરે! એક જ પાઠ પછી દેસાઈસાહેબે કહ્યું:
'નાઉ નો મોર લેશન્સ આર રીક્વાયર્ડ. યુ કેન ગેટ ઇંગ્લિશ મેથડ.'

...પછી તો આર. એસ. ત્રિવેદીસાહેબે પ્રકાશ બી.એડ્. કૉલેજ શરૂ કરી અને તેમાં
દાઉદભાઈને અંગ્રેજી મેથડ માટે આમંત્રણ આપી બોલાવ્યા. ત્યાંથી સરદાર પટેલ
યુનિવર્સિટીની એજ્યુકેશન કૉલેજમાં 'ટ્યુટર'નો ઇન્ટરવ્યુ આપ્યો. ધુરંધર
રાજનીતિજ્ઞ એચ. એમ. પટેલે ઇન્ટરવ્યુથી પ્રભાવિત થઈ કહ્યું: 'અમે ભલે
તમારો ઇન્ટરવ્યુ 'ટ્યુટર' તરીકે લીધો પણ અમે તમને લેક્ચરરની પોસ્ટ
ઑફર કરીએ છીએ.' ત્યાં બી.એડ્.માં અધ્યાપક તરીકે ભણાવ્યું અને ત્યાં જ
એમ.એડ્. પણ સાથોસાથ કર્યું! અમેરિકાની યુનિવર્સિટીના વરિષ્ઠ પ્રાધ્યાપક
ત્યારે વલ્લભવિદ્યાનગર આવેલા. તેઓ દાઉદભાઈનાં જ્ઞાનથી પ્રભાવિત થયા
અને તેમણે યુસેફીની ફુલબ્રાઈટ ફેલોશિપ ઑફર કરી તેમને અમેરિકા ખાતે
બોલાવ્યા. સિયાટેલમાં એ સમયે દાઉદભાઈ એકમાત્ર ભારતીય હતા. ખુબી તો
એ કે અહીં અધ્યાપક તરીકે ભણાવનાર દાઉદભાઈએ અમેરિકામાં સ્કુલમાં
ભણાવ્યું, કારણ તેઓ માને છે કે, 'શિક્ષક એટલે શિક્ષક. બધા માટેનો શિક્ષક.
શિક્ષકને વર્ગનાં કે વિષયનાં બંધનોથી બાંધી ન શકાય. શિક્ષક ખાનાબદ્ધ
ન હોય શકે. ટીચરશીપ ઇટસેલ્ફ ઇઝ એ ગ્રેસ.'

ગુજરાત યુનિવર્સિટીની અમદાવાદ બહારની રૂરલ એરિયાની પહેલી બી.એડ્.
કૉલેજ મોડાસા ખાતે શરૂ થતી હતી અને તેના સુકાની તરીકે મોડાસાની
શિક્ષણતીર્થભૂમિના સ્વપ્નદ્રષ્ટા ડૉ. ધારૂભાઈ ઠાકરે ત્યાં દાઉદભાઈને
બોલાવ્યાં. ગુજરાતની બેનમૂન ટીચર્સ ટ્રેનિંગના પ્રાચાર્ય તરીકે ઓગણીસ વર્ષ
દાઉદભાઈ રહ્યા. અનેક નવોન્મેષના શિક્ષણ પ્રયોગો કર્યા. તાલીમાર્થી દૂર
ગામડામાં જાય અને ત્યાંના અનુભવી શિક્ષકો પાસેથી જીવનપાઠ શીખે તો
વળી ત્યાંના વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગની સેવા પણ આપે. ઑલ્ડ સ્ટુડન્ટ
એસોસિએશન, સેન્ટર ફૉર ટીચર એજ્યુકેશન, સ્કૂલ સર્વિસીઝ પ્રોગ્રામ,
નિયમિત પૂરક શૈક્ષણિક પ્રકાશનો... વગેરે દ્વારા સાબિત કર્યું કે બી.એડ્.
મૉડેલ કેવું હોય! ...૧૯૮૬-૮૭માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી શરૂ થઈ ત્યારે
દાઉદભાઈ ઘાંચીને પ્રથમ કુલનાયક તરીકે આમંત્રણ અપાયું. મોડાસા આજે
પણ ધારૂભાઈ ઠાકર અને દાઉદભાઈની જોડીને ભાવથી યાદ કરે છે, તો પારણ
કુલીનચંદ્ર યાજ્ઞિક (કુલપતિ) અને દાઉદભાઈ (કુલનાયક)ની યુગલ તજજ્ઞતાને
ભૂલવા તૈયાર નથી. નેતૃત્વએ વિશ્વાસ કેમ ઊભો કરેલો? જવાબ: જે કૉલેજ
જવાબદારી લેશે કે અમારે ત્યાં પરીક્ષાની ગેરરીતિ નહીં થાય ત્યાં ચેકીંગ સ્કવૉડ
નહીં જાય..! દાઉદભાઈ કહે છે: જ્યાં વિશ્વાસ ત્યાં મેરા જહાં સદાબહાર!
મારી શિક્ષણની ખોજ ચાલુ જ છે, તેમ કબુલનાર દાઉદભાઈ દર વર્ષે શિક્ષાચિયરનાં
... અવશ્ય આદરાંજલિ અર્પણ કરે છે!.. એ

m: 09898720333